# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## બૉર્ડ ઑફ મેનેજમેન્ટ (DU) 6/2023-24 તા. 05-09-2023

ગૂજરાત વિદ્યાપીઠની બૉર્ડ ઑફ મેનેજમેન્ટની વર્ષ 2023-24 ની છઠ્ઠી બેઠક તા. 05-09-2023 ને મંગળવારે સાંજે 05-00 વાગ્યે ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે કુલનાયકશ્રીના અધ્યક્ષસ્થાને ઓફ લાઇન/ઓન લાઇન મોડમાં મળી હતી. આ બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

| | |
|---|---|
| 1. ડૉ. ભરતભાઈ જોશી, | અધ્યક્ષ, કા. કુલનાયકશ્રી |
| 2. ડૉ. હર્ષદભાઈ એ. પટેલ | સભ્ય અને ટ્રસ્ટીશ્રી |
| 3. ડૉ. દિલીપભાઈ પી. ઠાકર | સભ્ય અને ટ્રસ્ટીશ્રી |
| 4. શ્રી વિશાલભાઈ ભાદાણી | સભ્ય અને ટ્રસ્ટીશ્રી |
| 5. ડૉ. જગદીશચંદ્ર સાવલિયા | સભ્ય અને પ્રાધ્યાપકશ્રી |
| 6. ડૉ. પ્રેમ આનંદ મિશ્ર | સભ્ય અને ડીનશ્રી |
| 7. ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય | સભ્યશ્રી |
| 8. ડૉ. નિખિલભાઈ ભટ્ટ | કા. કુલસચિવશ્રી |

આ બેઠકમાં 1. ડૉ. નવીનચંદ્ર શેઠ અને 2 શ્રી કનુભાઈ નાયક અગાઉથી જાણ કરી અનુપસ્થિત રહ્યા હતા. વિદ્યાકીય શાખા તરફથી ડૉ. કૌશિક પટેલ, શાખા અધ્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી ત્યારબાદ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**કાર્ય-1** ગૂજરાત વિદ્યાપીઠમાં ચાલતા સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ 2023-24 થી પ્રવેશ માટેની ઇન્ટેક (બેઠકો) 60 + EWS રાખવા બાબત.

**ઠરાવ-1** ગૂજરાત વિદ્યાપીઠમાં ચાલતા કાઉન્સિલ સિવાયના તમામ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ 2023-24 થી પ્રવેશ માટેની ઇન્ટેક (બેઠકો) 60 + EWS રાખવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-2** સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ 2023-24 પ્રવેશ મેળવવા માટેની અવધિ 30 સપ્ટેમ્બર-2023 રાખવા બાબત.

**ઠરાવ-2** સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ 2023-24 માં પ્રવેશ મેળવવા માટેની અવધિ 30 સપ્ટેમ્બર, 2023 રાખવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-3** Integrated Teacher Education Programme (ITEP) શરૂ કરવા NCTE માં કરેલ અરજી સંદર્ભે NCTE દ્વારા આવેલ પત્રની જાણ થવા બાબત.

**ઠરાવ-3** Integrated Teacher Education Programme (ITEP) શરૂ કરવા NCTE માં કરેલ અરજી સંદર્ભે NCTE દ્વારા આવેલ પત્રની નોંધ લેવામાં આવી.

કાર્ય-4 શ્રી કિશોરભાઈ ધોબી, ઉચ્ચ શ્રેણી કારકુન, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા અને શ્રીમતી પ્રમોદિની ચિરાગભાઈ શાહ, પ્રોફેશનલ આસિસ્ટન્ટ, ગ્રંથાલય શાખા વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા છે, તેની નોંધ લેવા બાબત.

ઠરાવ-4 શ્રી કિશોરભાઈ ધોબી, ઉચ્ચ શ્રેણી કારકુન, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા અને શ્રીમતી પ્રમોદિની ચિરાગભાઈ શાહ, પ્રોફેશનલ આસિસ્ટન્ટ, ગ્રંથાલય શાખા વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા છે, તેની નોંધ લેવામાં આવી.

તા. 05-09-2023

(પ્રો. નિખિલ ભટ્ટ)

કા. કુલસચિવ